॥ સનાતન પરમો ધર્મ ॥
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર
સોસીયલ મિડીયા
પ્રચાર પ્રસાર · જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ · નખત્રાણા-કચ્છ

સં -૨૦૭૮ ● અષાઢ વદ-૯ ● તા.૨૨-૦૭-૨૨ ● શુક્રવાર ● SDP No.: 820 MOB.:+91 7801877774, +91 7718977774 ankasantandharmpatrika@gmail.com

સ્વામી વિવેકાનંદ રીજીયન, મિસન ગ્રીન ઈન્ડિયા

ગત તારીખ 20/7/2022 ના રોજ સ્વામિ વિવેકાનંદ રિજિયન, ગંગાસાગર કાઉન્સિલ અંતર્ગત યુવાસંઘ માં સમાવિષ્ટ એવા પાનાગઢ યુવા મંડળ-પાનાગઢ કકપા સમાજ અને પાનાગઢ લાયન્સ ક્લબ સાથે મળીને પાનાગઢ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક મધ્યે મિશન ગ્રીન ઈન્ડિયા અંતર્ગત 100 વૃક્ષોનુ રોપણ કરવામાં આવ્યું હતું.

આમ ઓક્સીજન બેંક માં શ્વાસની ડિપોઝિટ કરવામાં આવી.

ટીમ SVR વતી પ્રવક્તા પ્રભા રામાણી

૩૧ જુલાઈ-સ્વર્ણિમ મિશન ગ્રીનઈન્ડિયા અને સેવ વોટર-Mega Plantation Day

મિશન ગ્રીનઇન્ડિયા અને સેવ વોટર નો હેતૂ સાધ્ય કરવા માટે રવીવાર, તા.31/7/22 ના આપણે સર્વે 23 રીજીયનોના 800 યુવામંડળ એકજ દિવસે વૃક્ષા રોપણ કરવા જઈ રહ્યા છીએ

વર્ષ ૨૦૨૧-૨૩ ની ટર્મના , યુવાસંઘના ત્રિ-સ્તરીય માળખા ને ગતીશીલતા આપવાની જવાબદારી સંભાળનાર સૌ સેન્ટ્રલ હોદેદાર, કૃષિ અને પર્યાવરણ સમિતીના Central Convenor, CPDO, Council PDO, તેમજ સર્વે રીજીયનોના RC, RVC, RCS, તેમજ કૃષિ અને પર્યાવરણ સમિતિના Region Convener, Divisional Convener અને તમામ યુવા મંડળોના કૃષિ-પર્યાવરણ સમિતિના Convenors ને આ મિશન ગ્રીનઇન્ડિયા અને સેવ વોટરને ચૈતન્ય, સ્ફુર્તી અને ઊત્સાહના સ્પંદન આપવા અનુગ્ર સમગ્ર ભારત ભરમાં એકજ દિવસે સંપન્ન થનાર આ જરૂરી અભિયાનમા જોડાઈ આપની સમાજ વિકાસ નિષ્ઠાની પ્રતિતી કરાવવા આપ સર્વેને સવિનય પ્રાર્થના.

મિશન ગ્રીન ઇન્ડિયાને સાકાર કરવા KKP સમાજ, યુવાસંઘ, મહિલાસંઘ. NGO અને વનવિભાગ દ્વારા વૃક્ષા રોપણ કરીએ અને કરાવીએ.

યુવાસંઘ કૃષિ અને પર્યાવરણ ટીમ
અંબાલાલ પોકાર નાશિક

કૃષિ અને પર્યાવરણ

નાગપુર સમાચાર (ખાસદાર હેલ્થ કાર્ડ)

નાગપુર ના લોકપ્રિય સાંસદ શ્રીમાન નીતિનજી ગડકરી (કેન્દ્રીય પરિવહન મંત્રી) દ્વારા ખાસદાર હેલ્થ કાર્ડ યોજના આમ જનતા ને આપવામાં આવી રહી છે. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ નાગપુરમાં વસતા ભાઈઓ તથા બહેનો જેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેઓ ખાસદાર હેલ્થ કાર્ડ નો લાભ લઈ શકે છે.

વિશેષ નોંધબહેનોની ઉંમર ૫૫ વર્ષ ઉપરભાઈઓની ઉંમર ૬૦ વર્ષ ઉપરસંપર્ક સૂત્રજયેશ ચંદુલાલ પટેલ (નાકરાણી) ભારતીય જનતા યુવા મોરચા ઉપાધ્યક્ષ. 9370024790 દીપેન મગનભાઈ પટેલ (પોકાર)ભારતીય જનતા યુવા મોરચા મંત્રી. 9579016423 નાગપુર મહાનગર.સહુ ને આ કાર્ડ મેળવી લેવા વિનંતી. એક આરોગ્ય અભિયાન

બેંગલોર માં મૈસુર રોડ મુકામે મહિલાઓ દ્વારા અદભુત કાર્યક્રમ.

શ્રી પાટીદાર પરીવાર સમાજ - મૈસુર રોડ, બેંગલોર મહિલા મંડળ દ્વારા તા. ૧૬/૦૭/૨૨ના રોજ મહિલા વાર્ષિકોત્સવ ખૂબ જ હર્ષોલ્લાસથી યોજાઈ ગયો. શનિવારના બપોર પછી બે વાગ્યે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી વિમળાબેન ભાદાણીના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરુઆત કરવામાં આવી.આ વખતે ખુશીની વાત એ હતી કે મૈસુર રોડ મહિલા મંડળ દ્વારા બેંગલોરની આઠે સમાજના હોદ્દેદારોને આ કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવ્યા હતાં

ઉપરાંત આમંત્રણને માન આપવા નવદુર્ગા મહિલા મંડળના પ્રમુખ તથા મહામંત્રી સાહેબાઓ ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ આ કાર્યક્રમમાં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, મહિલા પાંખના ઉપપ્રમુખ શ્રીમતી શિલાબેન ભગતની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.આ કાર્યક્રમમાં આપણી સમાજની માતાઓ, વહુઓ, દિકરીઓ તથા બાળકો પોતાની કલા તથા હુન્નર દ્વારા વિવિધ પ્રકારની કૃતિઓ રજુ કરી સૌના દિલ જીતી, કાર્યક્રમને ભવ્ય તથા યાદગાર બનાવ્યો હતો.

આ કાર્યક્રમમાં નાની-મોટી બહેનો દ્વારા વિવિધ કૃતિઓ જેમ કે ગરબા, ગૃપ ડાન્સ, સોલો ડાન્સ, નાટક જેવી પ્રસ્તુતિમાં ૨૧ પ્રોગ્રામ સાથે ૧૬૪ પાર્ટીસિપેન્ટ ભાગ લઈ કાર્યક્રમમાં ઊર્જા અને ઉત્સાહ નાં સ્પંદન આપ્યા હતા.કાર્યક્રમ દરમિયાન પ્રમુખ તથા મંત્રી સાહેબાએ આમંત્રણને માન આપી પધારેલ આઠે સમાજના હોદ્દેદારોને અતિથી તરીકે આવકાર્યા અને મંચ પર બોલાવી સન્માનિત કર્યા હતા અને તેઓને ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને નવદુર્ગા મહિલા મંડળ દ્વારા કાર્યક્રમમાં ભાગ લેનાર તથા માંણવા આવનાર દર્શકોને શુભેચ્છા પાઠવી હતી.

અંદાજે નવસો જેટલી મોટી સંખ્યામાં મહિલાઓની ઉપસ્થિતિ નોંધનીય હતી.લગભગ ચારેક કલાક ચાલેલા આ કાર્યક્રમમાં સૌ હર્ષ ભેર સહભાગી થયા અને શાંતિ પૂર્વક કાર્યક્રમ માણ્યો તે બદલ પ્રમુખ સાહેબાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

મંત્રી શ્રીમતી કમળાબેન રુડાણી, કમિટી ના લીડર ભાવનાબેન ભગત તેમજ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ હેમલતાબેન ચૌહાણ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું

પરીવાર પ્રાર્થના સનાતનીઓના ઘર ઘર થાય તોજ સંસ્કૃતિ જળવાય

સનાતન ના પાયાને જડ થી મજબૂત કરવા આપણે સૌએ પ્રથમ દરેક ઘર ઘર મા પરિવાર પ્રાર્થના થવી જરૂરી છે. પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે એટલે પૂજ્ય દાદાજીએ વનવાસી સમાજ માટે ઘર મંદિર નો પ્રયોગ આપ્યો, તેમાં દરેક પરિવારના ઘરે ભગવાન પાન મૂર્તિ સ્વરૂપે પધારે અને ત્યાં 15 દિવસ દરરોજ સમૂહ પ્રાર્થના જેતે ઘરે થાય. આજુબાજુ ના પરિવાર ના સભ્યો પણ જેતે ઘરે પ્રાર્થના મા જાય. આ વિચારમાંથી પ્રેરણા લઈને હોરમાઉ રોડ બેંગલોર ના સનાતની પાટીદારભાઈઓ એ ઘર મંદિર નો પ્રયોગ ચાલુ કર્યો છે.

સૌ પ્રથમ ટોટલ 12 પરીવારની ચિઠ્ઠી બનાવી તેમાંથી એક ચિઠ્ઠી ઉપાડવા માં આવી જે પરિવાર નું નામ આવ્યું તે પરિવાર ના ઘરે ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણ ભગવાનને સુંદર મજાની સુશોભીત છાબમા લઈ જવામાં આવ્યા અને ત્યાં તે પરીવાર દ્વારા ભગવાન નું તિલક લગાવી સ્વાગત કરવામાં આવ્યું, ત્યારબાદ સૌ પરિવારો સાથે મળીને ભગવાનશ્રી લક્ષ્મીનારાયણની આરતી કરી અને નારાયણ ઉપનિષદનું પારાયણ કર્યું.

હવેથી દરરોજ તે પરિવાર ના ઘરે અન્ય પરિવાર ના ઘરે સભ્યો સાંજની આરતી માટે જશે અને 15 દિવસ બાદ જે પરિવાર નું ચિઠ્ઠી મા નામ નીકળસે તે પરીવાર ના ઘરે ભગવાન ને લઈ જવામાં આવશે .

હાલમા મહિનાનો પ્રથમ તથા તૃતીય સોમવાર રાખવામાં આવ્યો છે. દરરોજ સમૂહ પ્રાર્થના કરવામાં આવશે અને સોમવાર ના એક કલાક સત્સંગ સ્વરૂપે સૌ પરિવાર જનો સાથે બેસશે.

આવી રીતે પ્રથમ પ્રયાસ ચાલુ કરેલ છે તો ચાલો સૌ પરીવાર સાયંમ પ્રાર્થનાથી સનાતની વિચાર ધારા ને મજબુત બનાવીએ.

આ રીતે દરેક ઘટક સમાજો મા પણ આવાં પ્રયાસો થી ધર્મ જાગૃતિ ને ઉજાગર કરી એ જય લક્ષ્મીનારાયણ જય સનાતન.

સંયોજક : વસંતભાઈ ગોરાણી ઉડપી

મઘા નક્ષત્રમાં વરસાદ પડે તો તે સોનાના તોલે ગણવામાં આવે છે

વરસાદનું મઘા નક્ષત્રનું પાણી ગંગાજળ સમાન છે, જેનો ઉપયોગ રોજિંદા જીવનમાં પીવા માટે અને રસોઈમાં પણ થાય છે મઘા નક્ષત્ર માટે કહેવાયું છે કે '....મઘા કે બરસે, માતુ કે પરસે' એટલે કે માં જો ખાવાનું પીરસે તો જ છોકરાનું પેટ ભરાય એમ મઘા નક્ષત્રના વરસાદ થી ધરતી માતાની પાણીની તરસ બુઝી જાય છે જેનાથી પાક પણ ખુબજ સારો થાય છે. વરસાદનું મઘા નક્ષત્ર નું પાણી ગંગાજળ સમાન છે, જેનો ઉપયોગ રોજીંદા જીવનમાં પીવા માટે અને રસોઈમાં પણ ઉપયોગ થાય છે.

કહેવાય છે કે મઘા ના મોઘા વરસાદ, માટે જો મઘા નક્ષત્ર માં વરસાદ પડે તો તે સોના ના તોલે ગણવામાં આવે છે. આ પાણીને વાસણમાં ભરી રાખો તોપણ એમાં પોરા (કીડા) પડતા નાથી.

આ મઘા નક્ષત્ર નું સંગ્રહ કરેલું વરસાદનું પાણી જો બાળકોને પીવડાવવામાં આવે તો તેમના પેટમાં જો કીડા હોય તો તે નીકળી જાય છે. પહેલા કહ્યું તેમ મઘાનું પાણી ગંગાજળ સમાન છે તેને આખું વર્ષ ભરી રાખવામાં આવે તો પણ તે એવું ને એવું જ રહે છે અને કોઇ પણ રીતે તે બગડતું નાથી.

ખંભાતમાં દરેક ઘરોમાં વરસાદી પાણીના સંગ્રહ માટે મોટા ટાંકાઓ હતા. અને હાલમાં પણ અમુક ઘરોમાં આ ટાંકાઓ જોવા મળે છે જેમાં ખંભાત વાસી વરસાદી પાણી નો સંગ્રહ કરતા અને આખું વર્ષ તેનો ઉપયોગ કરતા આવ્યા છે.એક પૌરાણિક માન્યતાઓ પ્રમાણે ચાતક પક્ષી આખું વર્ષ તરસ્યું રહે છે અને મઘાના વરસાદનું જ પાણી પીવે છે. બીજું કે નાના મોટા ઘણા લેખ જોવા મળે છે અને તેમાં ચંદ્રના નક્ષત્ર ને આધીન એક દિવસ નું મઘા નું પાણી સંગ્રહ કરવાનું જણાવવામાં આવે છે, પરંતુ હકીકતે ચંદ્ર નક્ષત્ર નહિ પણ સૂર્ય જયારે મઘા નક્ષત્ર માં ભ્રમણ કરે ત્યારે જે વરસાદ વરસે તે પાણી નું મહત્વ છેતા.

30 ની રાત સુધી મઘા નક્ષત્ર અને વર્ષા યોગઆ વર્ષે મઘા નક્ષત્ર માં સૂર્ય નું ભ્રમણ ૧૭/૦૮/૨૦૨૨ એ સવારે ૦૭.૨૩ થી ૩૦/૦૮/૨૦૨૨ એ રાત્રી ના ૦૩.૧૯ સુધી મઘા નક્ષત્ર માં રેહશે તો આ 14 દિવસ માં જેટલો પણ વરસાદ વરસે અને આપ જેટલું પણ વરસાદી પાણી નો સંગ્રહ કરી શકતા હોવ તેટલો કરી લેજો.

આ 14 દિવસ દરમિયાન અગાસીમાં કે ખુલ્લા મેદાનમાં તાંબા, પિત્તળ, કાંસા આથવા તો સ્ટીલ ના બેડલા-માટલા એવી રીતે મુકો કે આ મઘા નો મોઘો વરસાદ સીધો જ આપના મુકેલ જે-તે પાત્રો માં સીધો જ ભરાઈ જાય.આ પાણી નો ઉપયોગ શું શું કરી શકાય ..?આંખોના કોઈપણ રોગમાં આખો માં બે બે ટીપા નાખી શકાય.

પેટના કોઈ પણ દર્દ માં આ મઘાનું પાણી પીવું ઉત્તમ છે જો આપ કોઈ આયુર્વેદિક દવા લેતા હોવ તો તે આ મઘાના પાણી સાથે લેવાથી તેનો લાભ અતિ વધી જવા પામે છે આ પાણી થી આપના ગૃહ ની કોઈ પણ રસોઈને રાંધવી પણ ઉત્તમ છે અને.. હા એક વખત મઘા ના વરસાદના પાણીની ખીચડી બનાવીને ટેસ્ટ તો કરજો..

સરદાર વલ્લભભાઈ પટેલ ના નામની ઉપેક્ષા કરતા તત્વો સામે લડત ચલાવવા સરદાર સન્માન સંકલ્પ આંદોલન સમિતિ, કરમસદ, ગુજરાત ની સમિતિ માં કચ્છ જિલ્લા કન્વીનર તરીકે યોગેશ પોકાર ની નિમણુંક કરી તે બદલ સરદાર સન્માન સંકલ્પ આંદોલન સમિતિ ના તમામ શ્રેષ્ઠ નેતૃત્વ નો ખુબ ખુબ આભાર માનીએ છે.

સમગ્ર કચ્છ જિલ્લા માંથી યોગેશ પોકાર નાં નામની નિમણૂક એ તેમના માટે કર્મઠ હોવાની ગર્વની વાત છે અખંડ ભારતના ઘડવૈયા સરદાર સાહેબના સન્માન માટે લડત ચલાવતી સમિતિ નો લડવૈયા તરીકે યોગેશ ને યોગ્ય ગણવા બદલ ખુબ ગર્વ અને આનંદની લાગણી અનુભવીએ છે..

સરદાર સાહેબના સન્માન માટે જે પણ કરવું પડશે તે કરવા યોગેશ ભાઇ અને તેમની સમગ્ર કચ્છ જિલ્લા ટીમ હર હંમેશ તૈયાર રહીશે સભળ રહેશે.

યોગેશ પોકાર કચ્છ જિલ્લા કન્વીનર સરદાર સન્માન સંકલ્પ આંદોલન સમિતિ

અભિનંદન,



કુ. નેહલ સંજય છાભૈયા
SSC -મહારાષ્ટ્ર ૯૩.૪૦ ટકા

મેળવી તેજસ્વીતા દર્શાવે છે.(કચ્છ માં ભડલી હાલે દેવરુખ) અત્રે દેવરુખ હાર્ડવેર -દેવરુખ વાળા મણીબેન અને જયંતીભાઈ છાભૈયા ની પૌત્રી ભાવનાબેન અને સંજયભાઈ છાભૈયાની સુપુત્રી



ઈશા છાભૈયા CA ની પરીક્ષા પાસ કરી ઉતીર્ણ થયા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ કલ્યાણ અને સમસ્ત છાભૈયા પરીવાર આશીર્વાદ સાથે અભિવાદન કરે છે.સૌ. નિર્મળાબેન અને શંકરભાઈ નાનજીભાઈ છાભૈયા, કલ્યાણ, મુંબઈ (કચ્છ માં લક્ષ્મીપુર, નેત્રા) ની સુપુત્રી ઈશા છાભૈયા એ ગત મે માસ ૨૦૨૨ માં લેવાયેલ CA ની પરીક્ષા માં પ્રથમ પ્રયાસે પાસ કરી ગૌરવંતી સિધ્ધી હાંસલ કરવા બદલ

સનાતન ધર્મ પત્રિકા, શ્રી સમાજ, પ્રચાર પ્રસાર સમિતિ શુભેચ્છા પાઠવે છે.

દ્રોપદી મુર્મુ બન્યા દેશના ૧૫ માં મહિલા રાષ્ટ્રપતિ

25 જુલાઈએ લેશે શપથદ્રૌપદી મુર્મુની જીત નિશ્ચિત માનવામાં આવતી હતી, જ્યારથી તેમને ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા અને પછી અન્ય ઘણી રાજ્ય સરકારો અને પ્રાદેશિક રાજકીય પક્ષોએ સમર્થન જાહેર કર્યું.દેશના નવા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બન્યા છે. તેઓ દેશના 15માં રાષ્ટ્રપતિ બન્યા છે.

ત્રીજા રાઉન્ડની મતગણતરી બાદ મુર્મુની જીત થઈ છે. NDAના ઉમેદવાર દ્રૌપદી મુર્મુનેએ ગુરુવારે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મોટી જીત મેળવીને ઈતિહાસ રચ્યો છે. તેમણે વિપક્ષી પાર્ટીઓના સંયુક્ત ઉમેદવાર યશવંત સિન્હાને ખૂબ જ સરળ મુકાબલામાં હરાવ્યા હતા. દ્રૌપદી મુર્મુની જીત નિશ્ચિત માનવામાં આવતી હતી, જ્યારથી તેમને ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા અને પછી અન્ય ઘણી રાજ્ય સરકારો અને પ્રાદેશિક રાજકીય પક્ષોએ સમર્થન જાહેર કર્યું. હવે ચૂંટણીમાં ઐતિહાસિક જીત બાદ નવા પ્રમુખના ખાતામાં અનેક નવા રેકોર્ડ્સ સામેલ થયા છે.

તમને જણાવી દઈએ કે દ્રૌપદી મુર્મુ દેશના પ્રથમ આદિવાસી રાજ્યપાલ બનાવવામાં આવ્યા હતા. તેઓ 2015 થી 2021 સુધી ઝારખંડના રાજ્યપાલ હતા. રાજ્યપાલનું પદ સંભાળતા પહેલા દ્રૌપદી મુર્મુ ભાજપના એસ.ટી.મોરચાના રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય રહી ચુક્યા છે.કેવી રહી દ્રોપદી મુર્મુની રાજકીય કારકિર્દી64 વર્ષીય દ્રોપદી મુર્મુ 2017ની રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલા પણ આ પદ માટે પ્રબળ દાવેદાર હતા. પરંતુ આ પ્રસંગે, બિહારના તત્કાલીન રાજ્યપાલ રામનાથ કોવિંદની પસંદગી કરવામાં આવી હતી.

દ્રૌપદી મુર્મુનો જન્મ 20 જૂન, 1958ના રોજ ઓડિશામાં થયો હતો. તેમના પિતાનું નામ બિરાંચી નારાયણ ટુડુ હતું અને તેમના લગ્ન શ્યામ ચરામ મુર્મુ સાથે થયા હતા. તે ઓડિશાના મયુરભંજ જિલ્લાના કુસુમી બ્લોકના ઉપરબેડા ગામના સંથાલ આદિવાસી પરિવારમાંથી આવે છે. આ દંપતીને બે પુત્રો અને એક પુત્રી હતી. દ્રૌપદી મુર્મુનું જીવન અંગત દુર્ઘટનાઓથી ભરેલું છે. તેના પતિ અને બે પુત્રો અકાળે મૃત્યુ પામ્યા.તેમણે 1997માં પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી અને ત્યારથી તેમણે પાછળ વળીને જોયું નથી. દ્રૌપદી મુર્મુ 1997માં ઓડિશાના રાજરંગપુર જિલ્લામાં કાઉન્સિલર તરીકે ચૂંટાયા હતા.

તે જ વર્ષે, મુર્મુ ભાજપના ઓડિશા એકમના અનુસૂચિત જનજાતિ મોરચાના ઉપપ્રમુખ પણ બન્યા. રાજકારણમાં જોડાતા પહેલા, મુર્મુએ શ્રી અરબિંદો ઇન્ટિગ્રલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, રાયરંગપુર ખાતે માનદ સહાયક શિક્ષક તરીકે અને સિંચાઈ વિભાગમાં જુનિયર સહાયક તરીકે કામ કર્યું હતું.મુર્મુએ 2002 થી 2009 અને ફરીથી 2013માં મયુરભંજના ભાજપ જિલ્લા અધ્યક્ષ તરીકે પણ સેવા આપી હતી. તેઓ ઓડિશામાં બે વખત ભાજપના ધારાસભ્ય રહી ચુક્યા છે અને નવીન પટનાયક સરકારમાં કેબિનેટ મંત્રી પણ હતા.

તે સમયે ઓડિશામાં બીજુ જનતા દળ અને ભાજપની ગઠબંધન સરકાર ચાલી રહી હતી. ઓડિશામાં ભારતીય જનતા પાર્ટી અને બીજુ જનતા દળની ગઠબંધન સરકાર દરમિયાન, તેમણે 6 માર્ચ, 2000 થી ઑગસ્ટ 6, 2002 સુધી વાણિજ્ય અને પરિવહન માટે અને 6 ઓગસ્ટ, 2002 થી 16 મે 2004 સુધી મત્સ્ય અને પ્રાણી સંસાધન વિકાસ રાજ્ય માટે સ્વતંત્ર હવાલો સંભાળ્યો હતો.વર્ષ 2007 માં, તેમને ઓડિશા વિધાનસભાના શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકે પસંદ કરવામાં આવ્યા હતા અને તેમને નીલકંઠ પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો. દ્રૌપદી મુર્મુએ ઓડિશામાં ભાજપના મયુરભંજ જિલ્લા એકમનું નેતૃત્વ કર્યું અને ઓડિશા વિધાનસભામાં રાયરંગપુર પ્રદેશનું પ્રતિનિધિત્વ કર્યું.

દ્રૌપદી મુર્મુને મળ્યા 5,77,777 મતરાષ્ટ્રપતિ ચૂંટણીમાં દ્રૌપદી મુર્મુને ત્રીજા રાઉન્ડની મતગણતરી બાદ યશવંત સિંહાના 2,61,062 મતની સામે અત્યાર સુધી 5,77,777 મત મળ્યા હતા.

ચોથા રાઉન્ડ પહેલા જ તે રાષ્ટ્રપતિ ચૂંટણી જીતી ગયા હતા..

સંયોજક,જગદીશ ભોજાણી, હિંમતનગર

મણિલાલ અને હંસાબેન બને રહેવાસી હાલે લંડન, સાથે એક મુલાકાત, (સનાતન ધર્મ પત્રિકા)

મૂળ ગામ મંગવાણા, મણીલાલ પોકાર અને હંસાબેન બને હાલ લંડન હેરો માં રહે છે. જીવન માં સખત મહેનત અને નિષ્ઠા પૂર્વક કાર્ય કરનાર મણિલાલ ભાઈ દુબઈ અને મસ્કત યુવાની માં ખૂબ કાર્ય કર્યું અને બાળકો ને ખાસ અભ્યાસુ બનાવ્યા. એમના મિત્ર મગનભાઈ ભગત જે હાલે પુણે માં વેલસેટ છે જેઓ સાથે બીજા પણ હસે પણ આ બંને ને કામ ની કુશળતા અને કાર્ય ની રુચિ સાથે વાંચન નાં કારણે આર્ય ધર્મ નાં પુસ્તકો નું વાંચન થયું અને એમાંથી જે જ્ઞાન મળ્યું તેને જીવન માં ઉતાર્યું અને બાળકો ને પણ આપ્યું.

હંસાબેન લડવા નાં વેલાણી પરીવાર જે મૂળ નૈરોબી થી ભારત આવેલ તેમાં હંસાબેન સાત વર્ષ ની ઉમરે ભારત આવેલ અને ઘર પરિવાર માં આર્ય ધર્મ ની પૂજા પદ્ધતિઓ થી વાકેફ હતાજ. મહેનત અને લગન થી કાર્ય કરનાર નાં દીકરા ભુજ અને પુણે માં સેટ થયા છે. મણીલાલ પણ પુણે રહી ને બિલ્ડર નું કાર્ય કર્યું ને દીકરા ને સેટ કર્યાં.

હંસાબેન નૈરોબી નાં કારણે બ્રિટિશ હક્ક હોવાના કારણે બને લંડન ૨૦૦૫ માં આવી ગયા છે અને મસ્તી થી રહે છે.સામાજિક અને સંસ્કારી જીવન અભિગમ નાં મણીલાલ પોકાર રોજ હવન કરે છે અને સામજિક સંપર્ક સાથે શકય એટલા એક બીજા ને મદદ રૂપ થાય છે.

૨૦૧૯ માં લંડન જવાનું થયેલ ત્યારે રૂબરૂ મળવાનું શક્ય ન બનેલ પણ આ વખતે ૧૯ જુલાઈ નાં એમના ઘરે રૂબરૂ ગયેલ અને મુલાકાત લીધેલ.તેઓ ભારત થી આવનાર પ્રવાસી ઓ ને પણ ઉત્સાહ પૂર્વક આવકારે છે અને સુવિધા પૂરી પાડે છે.લંડન માં તેમના સાળા પરીવાર વધુ હોય તેઓ સમગ્ર લંડન માં પરસ્પર જાણકારી ખૂબ છે. તેમના કહેવા મુજબ લંડન માં ૯૦૦ જેટલી સંખ્યા કચ્છ કડવા પાટીદાર ની છે.

દર વર્ષે દિવાળી અને સાતમ તેમજ નવરાત્રી અત્રે ભેગા થઈ ને કરે છે.વાસ્તવિક જીવન માં મણીલાલ પોકાર ની વાત અત્રે એટલે ખાસ કરવી રહી કે સંઘર્ષ માંથી કેમ આગળ વધવુ અને પરીવાર ને સેટ કરવો તે બાબત અને અભ્યાસુ જીવન શૈલી હોવી તેવી અનેક આદર્શ ની ચર્ચાઓ એમના જીવન માં સાચેજ અનુભવી છે અને તે ઉજાગર કરવા જેવી છે કે યુવા શક્તિ ધારે તો શું કરી શકે છે.

તેઓ ડેઇલી સનાતન ધર્મ પત્રિકા રોજ વાંચે છે અને માસિક અંક લંડન કેમ ઘરે આવે અને વાંચે તેવી અપેક્ષા પણ રાખે છે. તેવા આદર્શ મણીલાલ પોકાર અને હંસાબેન નો સંપર્ક નબર પણ અત્રે મૂકીએ છે. મન અને સાચેજ દિલથી એમની સાથે જ્ઞાન શીલ એકતા શોર્ય અને સાહસિકતા સાથે સાત્વિકતા નાં સ્પંદન જરૂર મેળવશો.

+44 7894351372 મણીલાલ જેઠાલાલ પોકાર, 132. CARMELITE ROAD, HARROW WEALD,H.A.3 5.N.F U.K mobile no..વોટસઅપ કોલ 07894351372- HANSABEN MANILAL..07916423313.

ગીતા ગૌરાંગ સનાતન ધર્મ પત્રિકા.

ગુજરાતમાં પહેલીવાર કોર્સની શરૂઆત, અંગ્રેજીના લોચા છે, નો પ્રોબ્લેમ !

હવે ગુજરાતીમાં જ કરો એન્જિનિયરિંગ પહેલીવાર GTU માં 120 સીટ પર માતૃભાષા ગુજરાતીમાં કોર્સ શરૂ કરાશે ગુજરાતમાં અભ્યાસ માટે નવા આયોજનો થતાં રહે છે . ત્યારે હવે વિદ્યાર્થીઓ માટે એક નવી સુવિધા ઊભી કરવામાં આવી છે.

હાલમાં ગુજરાતના વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગ માત્ર અંગ્રેજી ભાષામાં જ ભણી શકે છે, પરંતુ હવે ગુજરાતમાં પહેલીવાર એન્જિનિયરિંગ ગુજરાતી ભાષામાં ભણી શકાય એવી સુવિધા કરવામાં આવી છે. ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU) દ્વારા ગુજરાતી ભાષામાં એન્જિનિયરિંગનો કોર્સ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

હાલમાં એન્જિનિયરિંગનો કોર્સ અંગ્રેજી માધ્યમમાં થાય છે રાજ્યમાં 132 એન્જિનિયરિંગ કોલેજ, 100 જેટલી પોલિટેક્નિક, 65 ફાર્મસી , 75 મેનેજમેન્ટની કોલેજ છે . તમામ જગ્યાએ એન્જિનિયરિંગનો કોર્સ અંગ્રેજી માધ્યમમાં થાય છે ગત વર્ષે AICT દ્વારા દેશભરમાં એન્જિનિયરિંગનો કોર્સ જે - તે રાજ્યની ભાષામાં શરૂ કરવા જણાવ્યું હતું , જેને લઈને GTU એ તમામ કોલેજને પત્ર લખ્યો હતો પરંતુ કોઈ ગુજરાતીમાં કોર્સ શરૂ કર્યો નહોતો . તમામ કોલેજની આ બેઠક ના ભરાય એવો ડર હતો , જેને કારણે GTU એ પોતાની જ મહેસાણા ખાતે આવેલી સંસ્થામાં 120 બેઠક પર એન્જિનિયરિંગ કોર્સ શરૂ કરવાનું નક્કી કર્યું છે .

સિવિલ , ઇલેક્ટ્રિકલ , મિકેનિકલ અને કોમ્પ્યુટર એન્જિનિયરિંગની 30-30 એમ 120 બેઠક પર ગુજરાતીમાં એન્જિનિયરિંગ ભણાવવામાં આવશે . ગામડાના વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગ ભણવાનો લાભ મળશે આ અંગે GTU ના કુલપતિ નવીન શેઠે જણાવ્યું હતું કે અનેક નાના દેશ પોતાની ભાષામાં એન્જિનિયરિંગ ભણાવે જ છે .

અમે નિષ્ણાતોનો અભિપ્રાય લીધો જ છે . આ ઉપરાંત ગામડાના વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગ ભણવાનો લાભ મળે એ ધ્યાનમાં રાખીને એન્જિનિયરિંગ કોર્સ શરૂ કરવામાં આવશે . ટોપર વિદ્યાર્થીઓને સ્કોલરશિપ પણ મળશે આ વર્ષથી જ GTU માં ગુજરાતીમાં એન્જિનિયરિંગ માટે એડમિશન પણ આપવામાં આવશે. એડમિશન પ્રક્રિયા ACPC દ્વારા કરવામાં આવશે . અત્યારે 120 સીટ પર મંજૂરી મળી છે, જેથી 120 સીટ પર એડમિશન આપવામાં આવશે .

GTU ના કુલપતિ નવીન શેઠે જણાવ્યું હતું કે અમે અગાઉ અનેક કોલેજની પત્ર લખીને ગુજરાતીમાં એન્જિનિયરિંગ શરૂ કરવા અપીલ કરી હતી , પરંતુ કોઈએ શરૂ ના કર્યું , જેથી અમે જ અમારી મહેસાણાની કોલેજમાં 120 સીટ પર શરૂ કર્યું છે ગામડાંના અનેક વિદ્યાર્થીઓ અંગ્રેજીને કારણે એન્જિનિયરિંગ કરતા નથી તો એ પણ ગુજરાતીમાં એન્જિનિયરિંગ ભણી શકશે . ગુજરાતીમાં એન્જિનિયરિંગ કરતા ટોપર વિદ્યાર્થીઓને સ્કોલરશિપ પણ આપવામાં આવશે.

એન્જિનિયરિંગ કરવા ઈચ્છા વિદ્યાર્થીઓને એક તક મળશે પ્રોફેસર જનક ખંડવાલાએ જણાવ્યું હતું કે GTU એ કરેલ શરૂઆત આવકારદાયક છે . અનેક વિદ્યાર્થીઓ માત્ર અંગ્રેજીને કારણે એન્જિનિયરિંગ કરતા નથી . આ કરવાથી ગુજરાતી માધ્યમમાં એન્જિનિયરિંગ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને એક તક મળશે . વિદ્યાર્થીઓને ભવિષ્યમાં રોજગારીની પણ તક મળશે .

વિશ્વનું શ્રેષ્ઠ વ્યકિતત્વ !! ... ભગવાન માણસ...!!
કલ્યાણસુંદરમ સર. (ઉંમર ૭૩) તેમના કાર્યને સલામ..

આવી વ્યક્તિઓને ભારત રત્ન કેમ નથી મળતું, શેરી પરથી પસાર થતી વખતે 73 વર્ષના સામાન્ય માણસને ક્યારેય ઓછો આંકશો નહીં,

કદાચ પરોપકારી વૃદ્ધનું નામ કલ્યાણસુંદરમ છે, જેમણે પોતાની ઈનામની રકમમાંથી 30 કરોડ રૂપિયા જેટલી રકમ દાનમાં આપી દીધી હતી. ગરીબ વિદ્યાર્થીઓનું શિક્ષણ અને આરોગ્ય.

આપણે એવા ફિલ્મ અભિનેતાઓ અને ક્રિકેટરોના નામ જાણીએ છીએ જેમણે હજારો કરોડો કમાવ્યા અને ક્યારેય સમાજ માટે 1-2 કરોડ પણ ખર્ચ્યા નથી, પરંતુ સમાજ માટે 30 કરોડનું દાન આપનાર કલ્યાણ સુંદરમનું નામ દેશના 1 ટકા લોકો પણ જાણતા નથી. દેશ 1962ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન પંડિત નેહરુએ દેશને ઉદાર હાથે મદદ કરવાની અપીલ કરી હતી.

વિચીના કલ્યાણ સુંદરમ એ ભાષણથી એટલા પ્રેરિત થયા કે તેઓ મુખ્ય પ્રધાન કામરાજને મળવા ગયા. તેણે મદદ તરીકે તેના ગળામાંની સોનાની ચેઈન આપી હતી. બાદમાં મુખ્યમંત્રીએ તેમનું અભિવાદન કર્યું હતું. પાછળથી તે છોકરો ઘણું શીખ્યો. એમ.એ પૂર્ણ લાયબ્રેરી સાયન્સમાં ગોલ્ડ મેડલિસ્ટ.

35 વર્ષ સુધી કૉલેજ ગ્રંથપાલ તરીકે કામ કરવા છતાં, કલ્યાણ સુંદરમે ક્યારેય પોતાના માટે પગાર લીધો નથી. તે પોતાનો પગાર ગરીબ વિદ્યાર્થીઓના ભણતર પાછળ ખર્ચતો હતો. કલ્યાણ સુંદરમ 35 વર્ષની સેવા બાદ 1998માં નિવૃત્ત થયા. તેણે 10 લાખ રૂપિયાનું પેન્શન પણ દાનમાં આપ્યું. તે પછી પણ તેણે બાળકોને મદદ કરવા માટે - હોટલમાં વેઈટર તરીકે કામ કરીને પૈસા કમાવવાનું ચાલુ રાખ્યું.આટલું બલિદાન આપનાર કલ્યાણ સુંદરમના કાર્યને ક્યારેય કોઈ સરકાર દ્વારા માન્યતા આપવામાં આવી નથી પરંતુ અમેરિકા અને યુનોએ તેમના કાર્યને માન્યતા આપી હતી અને તેમને "મેન ઓફ ધ મિલેનિયમ"નું બિરુદ આપીને સન્માનિત કર્યા હતા. થઈ ગયું. આજે પણ કલ્યાણ સુંદરમ સામાજિક કાર્યો સાથે સંકળાયેલા છે.

ક્યારેક તે લોકો પાસેથી જંક તો ક્યારેક જુના કપડા ભેગો કરે છે અને જરૂરિયાત અનુભવે છે.કમનસીબે, દેશની કમનસીબી છે કે આપણે તેમનાથી પ્રેરિત નથી.દરેક વ્યક્તિએ આ પોસ્ટ શેર કરવી જોઈએ જેથી દરેકને આવા મહાન વ્યક્તિ વિશે ખબર પડે

અવસાન નોંધ

તારીખ : 20/07/2022 સ્વ.અરજણભાઈ રામજીભાઈ ચોપડા ઉંમર વર્ષ : 92 કચ્છમાં ગામ રત્નાપર (મઉ) હાલે ઘાટકોપર, મુંબઈ	તારીખ : 21/07/2022 સ્વ.રતનશીભાઈ રામજીભાઈ લીંબાણી ઉંમર વર્ષ : 83 કચ્છમાં ગામ દેવપર (યક્ષ) હાલે સુરત.
તારીખ : 21/07/2022 સ્વ.દાનાભાઈ રત્નાભાઈ પોકાર ઉંમર વર્ષ : 86 કચ્છમાં ગામ દોલતપર હાલે નડિયાદ (ખેડા)	તારીખ : 21/07/2022 સ્વ.મણીબેન કરસનભાઈ રૂડાણી ઉંમર વર્ષ : 72 કચ્છમાં ગામ દેવપર (યક્ષ) (સ્થાનિક)
તારીખ : 20/07/2022 સ્વ.રમેશભાઈ (રાજુભાઇ) ડાહ્યાભાઈ કાનાણી ઉંમર વર્ષ : 56 કચ્છમાં ગામ વિરાણી મોટી હાલે ઉલ્ટડાંગા, કલકત્તા	તારીખ : 20/07/2022 સ્વ.મુળજીભાઈ કરશનભાઈ ડાયાણી ઉંમર વર્ષ : 92 કચ્છમાં ગામ ધાવડા મોટા હાલે સાવલી (વડોદરા)